સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

શ્રમિકોનાં પ્રસ્વેદ બિંદુમાં ઝગમગે દિવાળી!
બાળ હૈયે તારા-મંડળ બનીને ઝરે, દિવાળી!
મધ્યમો ઉલેચે અંધારાં જાતનું તેલ બાળીને -
કરોડોના ધમાકે કાળાં નાણાંની ફૂટે દિવાળી!

હાઈકુ

પ્રિય વાચક!
દિપોત્સવી શુભેચ્છા -
મોજ માં રે'જો...

ચિત્ત આપનું,
રહે ચેતનવંતુ -
દિવ્ય પ્રકાશે...

ચિંતન

તત્ત્વજ્ઞઃ સર્વભૂતાનાં યોગજ્ઞઃ સર્વકર્મણામ્ ।
ઉપાયજ્ઞો મનુષ્યાણાં નરઃ પણ્ડિત ઉચ્યતે ॥

સર્વજીવો (પ્રાણીઓનું) સારતત્ત્વ જાણનાર, સર્વ કાર્યો કરનારા ઉપાય (યોગ) ને જાણનાર અને સૌ મનુષ્યોમાં સૌથી વધારે યુક્તિ-પ્રયુક્તિઓ જાણનાર માણસ પંડિત કહેવાય છે.

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે. 'યોગ' શબ્દનો વિવિધ અર્થ થાય છે. 'યુજ' (જોડવું) ધાતુમાંથી બનેલ 'યોગ' શબ્દનો અર્થ થાય : સંયોગ. જોડાણ કે ધ્યાન. ચિત્ત ને કોઈકની સાથે કે પરમાત્મા સાથે જોડવું તે 'યોગ.' વળી ભગવદ્‌ગીતા કહે છે : 'યોગ : કર્મસુ કૌશલમ્' કર્મમાં કુશળતા કેળવવી એ જ 'યોગ' છે. સાચી રીતે કર્મ કરવાનો ઉપાય સમજાય તો 'કર્મયોગ' સિદ્ધ કરી શકાય. અહીં 'ઉપાય' શબ્દ પણ મહત્ત્વનો છે. રાજનીતિમાં ચાર પ્રકારના ઉપાય બતાવ્યા છે : સામ, દામ, દંડ અને ભેદ. આ ચારેય ઉપાયો અમલ કરવામાં જે કુશળ હોય, તે પંડિત કહેવાય.

સુવિચાર

- અહિંસા એટલે દુશ્મનાવટનો ત્યાગ - **દયાનંદ સરસ્વતી**
- લક્ષ્ય કરતા ક્રિયા ચડિયાતી છે કેમ કે ક્રિયા એ લક્ષ્યનું નિર્માણ કરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પરમાત્મા પૂજાથી નહીં, પ્રેમથી મળે છે - **સંત ફ્રાન્સીસ**
- જીવન મનોરંજનનો રંગમચ નથી, એ આંસુઓનું સરોવર પણ નથી, જીવન તો એક સેવાસદન છે - **તોલ્સ્તોય**
- માની લઈએ કે સ્વર્ગ જેવું સ્થાન છે, તો પ્રેમ ત્યાં જવાનો રસ્તો છે - **જનકલ્યાણ**
- તત્ત્વજ્ઞાનના દશ ગ્રંથ લખવા સહેલા છે, પણ એક સિદ્ધાંતને અમલમાં મૂકવો અઘરો છે - **મોરારિ બાપુ**
- 'એકાંત'માં બળવાન માણસ વધારે બળવાન અને નિર્બળ માણસ વધારે નિર્બળ બને છે - **ખલીલ જીબ્રાન**
- આજનું ઔષધ : ઊલ્ટીમાં તુલસીના પાનના રસમાં એલચી વાટીને પીવાથી રાહત થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

એક જન્મથી અંધ બાળકને તેના માબાપે ત્યાગ કરી દીધો હતો. હવે તે અંધ ઉપરાંત, ગરીબ અને અનાથ પણ હતો. નાનપણમાં જ અનેક જગ્યાએથી જાકારો મળતાં એ ખૂબ હતાશ થઈ ગયો હતો - અને આત્મહત્યાનો વિચાર કરતો જંગલમાં ભટકતો હતો.

જંગલમાં એક કાંઠા વિનાનો કૂવો હતો. એ તરફ આગળ વધતો હતો. ત્યાંથી પસાર થતાં મુલ્લાંની નજર એના પર પડી. એને પકડી લીધો અને બચાવી લીધી - કહ્યું ભાઈ! આગળ કાંઠા વિનાનો કૂવો હતો. ખૂદાએ તને બચાવી લીધો! હું મુલ્લાજી છું ઈશ્વરે મને સમયસર તારી પાસે મોકલ્યો.

મુલ્લાંજી! હું અંધ-અનાથ-ગરીબ છું. મારી જીજીવિષા મૃતપ્રાય જ થઈ ગઈ છે - મને મરવું જ છે.

મુલ્લાં કહે બેટા - પુરુષાર્થ કર, જીવનનું સૂકાન ન છોડ, ખૂદા સહાય કરશે.

છોકરાને મુલ્લાંના શબ્દો હૃદય સોંસરવા ઉતરી ગયા. આગળ જતા આ વિદ્યાર્થી ડૉ. તાહા હુસેન થયા અને જીવનનું સૂકાન કદી ન છોડ્યું.

અંધારાં ઉલેચવાનું આંતરરાષ્ટ્રીય પ્રકાશપર્વ

લો, દિવાળી પણ આવી ગઈ! વરસ આખું પાણીના રેલાની માફક વહી ગયું. સારાનરસા, યાદ રાખવા ગમે એવા અને ભૂલી જવા ગમે એવા ઘણા બનાવો જોતજોતામાં ભૂતકાળ બની ગયા. દિવાળી એટલે વરસની પૂર્ણાહૂતિ, સરવૈયું. વરસ દરમિયાન જે કંઈ બન્યું તે - પણ આજે તો આનંદ જ માણવાનો. અંદરબહાર બધે જ દીવડા પ્રગટાવવાનું આ ઝળહળ અજવાળાનું પનોતું પર્વ છે. આપણા પૂર્વસૂરિઓએ કેવી મજાની ઋતુચર્ચા ગોઠવી છે! શરત ઋતુ એટલે રોગોની માતા. રોગો સામે ઝઝૂમીને પાર ઊતરે તે દિવાળી જોવા પામે. આપણો ઋષિ ઈશ્વર સમક્ષ પ્રાર્થે છે : 'જીવેમ શરદઃ શતમ્।' હે પ્રભુ, મને સો 'શરદ' લગી જીવવા મળે! દિવાલી જોવી તે ઉંમરલાયક લોકો માટે - સિનિયર સિટીઝન્સ માટે તો મોટી ઉપલબ્ધિ ગણાતી. કોને ખબર, આવતી દિવાળી જોવા પામશું કે કેમ! - આવી માનસિકતા હવે આ જેટ અને કમ્પ્યૂટર યુગમાં જરા જુનવાણી લાગે, પરંતુ જેમ વરસ પૂરું થાય છે એમ એક દિવસ જીવન પણ પૂરું થવાનું જ છે, એવી સમજણ અને ફિલસૂફી દિવાળીની ઉજવણી સાથે સંકળાયેલી હતી : 'આજનો આનંદ માણીએ રે, કાલે કોણે દીઠી!' દીવો એ પ્રકાશનો પુંજ છે. દિવાળી પ્રકાશનો ઉત્સવ છે, રાગદ્વેષ, વેરઝેર - બધું ભૂલીને એકમેકના દિલમાં દીવા પ્રગટાવવાનું પર્વ છે. એની શરુઆત તો ભગવાન રામચંદ્રજીના વનવાસની પૂર્ણાહૂતિ, લંકાવિજય પછી અયોધ્યા આગમનથી થઈ હોવાનું મનાય છે. પરંતુ પછી તો સૌને પોતપોતાની દિવાળી મળી ગઈ. ઉપનિષદકાર કહે છે એમ ઉત્સવપ્રિયાઃ ખલુ જનાઃ। લોકોને તો આનંદ ઓચ્છવનું કોઈ બહાનું જોઈએ. સતત કામના ઢસરડાથી ઘડીક મુક્ત બની, મોકળા મનથી મનગમતાં મિષ્ટાન્ન આરોગવાં, અંદરના ઉકલાઠને જોશપૂર્વક દારૂખાનું - ફટાકડા ફોડીને બહાર ધકેલી દેવો, રૂટિન કામકાજ બંધ રાખી સૌની સાથે હસતા મોઢે હળવું-મળવું. કદાચ દિવાળી જેવો 'સાઈકોલોજિકલ' ઉત્સવ દુનિયામાં દીવો લઈને શોધવા નીકળીએ તોય નહીં જડે. વરસ દરમિયાન હોળી પણ આવે છે ને દિવાળી પણ. બેઉનું પોતપોતાની રીતનું આગવું મહત્ત્વ

તંત્રીસ્થાનેથી...

છે. પણ હોળીમાં જ્યાં આગ છે ત્યાં દિવાળીમાં નર્યાં અજવાળાં છે. વિશ્વમાં કોઈ ને કોઈ સ્વરુપે પ્રકાશમાં પર્વો ઊજવાતાં રહે છે. નાતાલ એ ખ્રિસ્તીઓની દિવાળી જ ગણાય. રમજાન ઈદ એ ઈસ્લામિક દુનિયાની દિવાળી જ ગણાય. અલબત્ત, દીપોત્સવી એ ભારતીય પર્વ છે અને હવે તો 'વ્હાઈટ હાઉસ'માં પણ એની ઉજવણી થવા લાગી છે, પણ ખરું પૂછો તો એ અંતઃ ચેતનાનાં અજવાળાં પ્રગટાવવાનું અને અંદર-બહારનાં અંધારાં ઉલેચવાનું આંતરરાષ્ટ્રીય પ્રકાશપર્વ છે. એને કોઈ ધર્મ સંપ્રદાયના વાડામાં બાંધવું એ તો એનું અવમૂલ્યન જ ગણાશે. દીપોત્સવીના મંગલ દિવસે જ ભગવાન મહાવીરનું નિર્વાણ થયું હતું. દિવાળીના દિવસે જ ક્રાન્તદ્રષ્ટા દયાનંદ સરસ્વતીએ મહાપ્રયાણ કર્યું હતું. પર્વોમાં પર્વ સમી દિવાળી આપણને અજવાળાંની લખલૂટ ગિફ્ટ આપવા આવી છે. આવો, એને હૈયાના ઉમળકાથી વધાવીએ અને સંવત ૨૦૭૨ને હસતા મોઢે 'ગુડ બાય' કહી ૨૦૭૩નું ઉમકળાભેર સ્વાગત કરીએ.

પ્રાણીઓની પૂંછડી – કુદરતની ભેટ

પૂંછડી (Tial) પ્રાણી શરીરનો પાછળનો છેવાડાનો ભાગએ કુદરતી એક વિશિષ્ટ દેણ છે. પૂંછડીવાળા અને પૂંછડી વગરના એમ બે પ્રકારના પ્રાણીઓના ભાગ પાડી શકાય છે. તેમાં પણ પૂંછડીવાળા પ્રાણીઓમાં પૂંછડી પર વાળ હોય એટલે કે રૂંછાદાર, રૂંવાદાર અને વાળ વગરની પૂંછડી જે મૂળથી છેડા સુધી એક પ્રકારની સમાન હોય તેમ બે પ્રકાર અલાયદા મુકી શકાય. સિંહની પૂંછડીને છેડે વાળનો ગુચ્છ હોય છે. તેજ રીતે ગાય, ભેંસ, ઘોડા, ઝીબ્રા, ઝીરાફ જેવા પ્રાણીઓ પૂંછડી ભાગે વાળ ધરાવતાં હોય છે. તે માટેનું મુખ્ય કારણ વાળ વાળી પૂંછડીની મદદથી આવા પ્રાણીઓ તેમના શરીર પર કે ઘા પર બેસીને કરડતાં જીવ-જંતુઓને ઉડાડી શકે તે માટે હોય છે.

સસ્તન, સરિસૃપ, વિહંગ, ઉભયજીવી, અને માછલી વર્ગના મોટાભાગે બધા જ પૃષ્ઠવંશી પ્રાણીઓ પૂંછડી જોવા મળે છે. અપૃષ્ઠવંશી પ્રાણીઓમાં વિંછી અને સ્પ્રીંગ ટેઈલ કીટકમાં પૂંછડી મળે છે. દેડકામાં ટેડપોલ અવસ્થામાં પૂંછડી જોઈ શકાય છે ત્યાર બાદ પુખ્ત થતાં રૂપાંતરણ અવસ્થા પૂર્ણ થયા બાદ પૂંછડી જોવા મળતી નથી. આપણાં માનવોમાં (સાત) અઠવાડિયામાં ગર્ભ હોય ત્યારે પૂંછડી જોવા મળે છે. ત્યારબાદ જન્મ સમયે અપવાદરૂપ કિસ્સામાં પૂંછડી ધરાવતું બાળક જન્મ્યાનું નોંધાયું છે. માનવોમાં કરોડરજ્જુના છેલ્લા ૪ મણકા પૂંછડીનો અવશેષ મનાય છે જે શરીરની બહાર નીકળેલો હોતો નથી.

વિવિધ પ્રકારના પ્રાણીઓ કેવા વાસસ્થાનમાં રહે છે તે આધારે તેમની પૂંછડીના ઉપયોગ જોવા મળે છે. બહુ ઉપયોગી એવી પૂંછડી, સ્વરક્ષણ માટે, ઉડવામાં, વસ્તુ પકડવામાં, પ્રભુત્વ જમાવવા, માદાને આકર્ષવા, પ્રણય નિવેદન માટે, સંદેશાઓ પાઠવવા, દિશા સૂચન માટે, સંતુલન માટે વગેરે કાર્યોમાં મદદરુપ ઉપાંગ બને છે.

વિંછીની પૂંછડી પર ડંખ હોય છે. તેના શિકારને પૂંછડીની મદદથી ડંખ મારે છે. ગરોળી ભય જણાય ત્યારે દુશ્મનને તેની પૂંછડી અંગથી છૂટી પાડીને ભાગી જાય છે. છૂટી પડેલી પૂંછડી થોડા સમય માટે હલનચલન કરતી રહે છે તેનો લાભ લઈને ગરોડી દુશ્મનથી જીવ બચાવીને ભાગી છૂટે છે. ગરોળીની તૂટેલી પૂંછડીને ભાગે થોડા સમયમાં નવી પૂંછડી આવી જાય છે. નવી પૂંછડી પ્રમાણમાં નાની અને થોડી ઘાટા રંગની હોય છે. સામાન્ય સંજોગોમાં ગરોળી તેને સમાધિ કાળ માટે ચરબી રૂપે ખોરાક સંગ્રહ પણ તેની પૂંછડીમાં કરે છે.

મગરની લાંબી જાડી, મજબૂત અને ખરબચડી ચામડીથી યુક્ત પુંછડી દુશ્મનને મારવા માટે અને પાણીમાં તરતી વખતે દિશામાં ઘુમાન માટે મદદરૂપ નિવડે છે. ગરોળીની જેમ મગર પણ તેની પાસેની વધારાની ચરબીનો સંગ્રહ પોતાની પૂંછડીમાં કરે છે. અને ખોરાકની અછત કે અભાવના સમયે તેમાંથી ઉર્જા અને પોષણ મેળવે છે.

વૃક્ષો પર વાસ કરતાં વૃક્ષશાયી જીવો કે જેમાં વાંદરા ઓપોશમનામના ઉંદરો, સાપ, કાચીંડા, લેમુર વગેરે એકડાળી પરથી બીજી ડાળી પર અવર-જવર કરતી વખતે લાંબી પૂંછડીની મદદથી સંતુલન જાળવે છે. બે ડાળી વચ્ચે અંતર હોય તો ટેકો મેળવીને આગળ વધે છે. જયારે લટકાની જરૂર ઊભી થાય ત્યારે પૂંછડી ડાળીએ વીંટાળીને લટકે છે. વૃક્ષો પર રહેતી ઉડતી ખિસકોલી એક વૃક્ષ પરથી બીજા વૃક્ષ પર ગ્લાઈડ (ઉડતાં) કરતી વખતે પૂંછડીની મદદથી દિશા અને સંતુલનને જાળવે છે.

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

જલીય જીવો પાણીમાં તરતાં હોય ત્યારે પૂંછડીની મદદ લેતાં હોય છે. માછલીયો તથા જલીય સસ્તનો, નળાકારનું શરીર ધરાવે છે અને તરતી વખતે પૂંછડી હલાવીને ડાળી-જમણી દિશા તથા ઝડપ મેળવે છે. દરિયાઈ સસ્તન જીવોને લાંબો સમય પાણીમાં રહેવું પડે છે. તેમને શ્વાસ લેવા માટે પાણઈની સપાટી પર વારેવારે આવવું જરૂરી હોય છે. આવા સમયે તેમની પૂંછડીને ઊંચી-નીચી કરીને તે ઉપર-નીચે આવે છે. પૂંછડી આવા જલીય જીવોને તરતી વખતે નેવીગેશન કરવામાં, ઝડપી અને ઓછા અવરેધો તરવામાં મદદરુપ નીવડે છે. લીવર નામનું જલીય પ્રાણી તેની પૂંછડી પાણીમાં પછાડીને ભય પ્રદર્શિત કરે છે. જયારે ડોલ્ફીન તેની પૂંછડીથી સંકેતો ઉપરાંત વિવિધ હલન-ચલનો દરમિયાન પૂંછડીનો ઉપયોગ કરે છે.

પાણીના ઘોડા તરીકે ઓળખાતાં હિપ્પોપોટેમસ તેની પૂંછડીથી તેનું પ્રભુત્વ પ્રદર્શિત કરે છે. ઉડી ન શકતું પક્ષી એવું પેંગ્વીન તેની પૂંછડીની મદદથી પાણીમાં તરતી વખતે તેની પૂંછડીની મદદથી પાણીમાં તરતી વખતે દિશા બદલવામાં તથા ઉપરપ-નીચે ડુબકી મારવામાં કુશળતાં પ્રદર્શિત કરે છે.

(ક્રમશઃ)

પૂર્ણ પ્રકાશનું પવિત્ર પર્વ : દિવાળી

ભારત દેશ આખા વિશ્વમાં એના ઉત્સવો, તહેવારો અને વિશિષ્ટ - વિવિધ સંસ્કૃતિથી વિશેષ રીતે જાણીતો છે. આ બધા ઉત્સવો આપણી સંસ્કૃતિના ગૌરવસમા છે. વિવિધ ઉત્સવોથી ભારતીય પ્રજા રોજિંદા જીવનમાંથી મુક્ત થઈને હર્ષ અને ખુશી પણ મનાવે છે.

દેશના વિવિધ પ્રાંતોમાં, રાજયોમાં પણ વિવિધ પ્રકારના ઉત્સવો મનાવવામાં આવે છે. એવી જ રીતે ગુજરાત પણ પોતાના ખાસ ઉત્સવો વિશિષ્ટ રીતે મનાવે છે. જેમ કે નવરાત્રી અને ઉત્તરાયણ આ ગુજરાતના શિરમ્હોર લોકપ્રિય ઉત્સવો છે અને સૌથી વિશેષ - સર્વપ્રિય દિવાળી ગુજરાતનો માનિતો ઉત્સવ છે.

દિવાળી આમ જોઈએ તો આપણો અત્યંત પ્રાચીન લોકોત્સવ છે. પ્રારંભિક ઋતુ ઉત્સવ તરીકે ઓળખાતો આ તહેવાર કાળક્રમે - લોકોત્સવનું રૂપ ધારણ કરતો ગયો. આ ઉત્સવમાં લક્ષ્મી, શક્તિ અને સરસ્વતી... એ ત્રમેય દેવીની આરાધના-ઉપાસના કરવાનું માહાત્મ્ય છે. ચાર દિવસના આ ઉત્સવમાં 'ધનતેરશ'ને દિવસે લોકો 'લક્ષ્મી'ની પૂજા કરે છે. વેપારીઓ નામાના ચોપડાની પૂજા કરે છે. જયારે ખેડૂતો ગાયોના ધણની પૂજા કરે છે.

કાળી ચૌદશ તંત્ર-મંત્ર અને સાધના કરવાનો દિવસ તથા રાત્રી છે. આ દિવસની કાળી રાત્રીએ મેલી વિદ્યા અને અગોચર દુનિયાના અનુભવો મેળવવા ભૂવાઓ, તાંત્રિકો સ્મશાનમાં જઈને મેલી સાધના કરે છે.

આ દિવાળીના ઉત્સવનું ધાર્મિક અને વૈજ્ઞાનિક બંને રીતે મહત્ત્વ છે. રામ અને રાવણનું યુદ્ધ નવ દિવસ ચાલ્યું હતું. એ દિવસોએ આખી આખી રાત ભારતીય પ્રજાએ મા અંબા-શક્તિની આરાધના કરી તે નવરાત્રી અને દસમાં દિવસે રાવણ મરાયો એટલે દશેરાએ થતું રાવણ દહન અને ત્યાર પછી શ્રીલંકાથી અયોધ્યા પહોંચતા રામને વીસેક દિવસ થયેલા. રામ અયોધ્યા આવી રહ્યા છે. એ જાણી આખા રાજયમાં રાજયમાં ઘેર ઘેર દીવડાઓ પ્રગટાવ્યા. લોકોએ ફટાકડા ફોડ્યા અને રામરાજયની સ્થાપના થઈ તે 'નવું વર્ષ' કહેવાયું. એવું માનવામાં આવે છે.

વૈજ્ઞાનિક રીતે દિવાળીનું મહત્ત્વ જોઈએ તો ફટાકડાના ધુમાડાથી હવામાં - વાતાવરણમાં - વૃક્ષોમાં રહેલી ઝીણી જીવાત નાશ પામે છે. ચોમાસાના અંતિમ દિવસો હોવાથી ભેજવાળાં વાતાવરણમાં પણ આ દિવસથી પલટો આવે છેઅ અને પછી આરંભાય છે નવું વર્ષ... નૂતન વર્ષ... આ બેસતું વર્ષ એટલે કારતક-મહિનાનો આરંભ પ્રથમ દિવસ - નવું વર્ષ, નવી ક્ષણો, નવા સપનાં, નવી ઈચ્છા, નવા વિચારો, નવો સૂર્ય, નવી રોશની, નવી ચેતના-ઉર્જા, નવી સંવેદના અને નવા સંબંધો - ઘણું બધું 'નવું' લઈને આવે છે. આ નવું વર્ષ.

આપણા જાવન સંદર્ભે જોઈએ તો આ દિવાળી - નવું વર્ષ પ્રતિકાત્મક છે. જેવી રીતે દિવાળી અગાઉ આપણે ઘરને સાફસૂફ કરીએ છીએ. ધૂળ-બાવા પાડીએ છીએ. ઘરનો બધો સામાન વ્યવસ્થિત રીતે ગોઠવીને રાખીએ છીએ તેવી રીતે નવા વર્ષે આપણે આપણા માનસમાં આખા વર્ષ દરમિયાન ઉત્પન્ન થયેલા અવગુણો, કુવિચારો, શુભારંભ કરવાનો ઉત્સવ છે આપણી ખરાબ આદતો, વ્યસનો અને દુર્બળતાઓમાંથી મુક્ત થવાનો આ દિવસ છે.

નવી શક્તિ, નવી ચેતના, પ્રગટાવવાનો આ દિવસ છે. આપણી ભૂલો, દોષ-મર્યાદાઓને સ્વીકારીને એકબીજાની માફી માગીને સંબંધોમાં પ્રકાશ અને તાજગી ફેલાવવાનો આ પર્વ છે ગત વર્ષે થયેલી ભૂલો આ નવા વર્ષે ફરીથી ન થાય એવો દૃઢ સંકલ્પ કરવાનો આ દિવસ છે. નવા ભવિષ્યને જોવાની, આ નવી ક્ષણોમાં મૈત્રીનો ઉદ્‌ભવ, આપણા સંબંધોની ભીનાશ સુવાસિત બને અને આપણે પરસ્પર પ્રેમ-લાગણી-સ્નેહથી પરાજિત થઈને જીવનની અસંખ્ય ક્ષણોને યાદગાર બનાવવાનો આ સ્નેહપર્વ છે.

નવું બેસતું વર્ષ એ પોતાની જ ભૂલો પોતાની જ જાત પાસે કબૂલવાનો દિવસ છે. બધી નકારાત્મક ઉર્જા દૂર કરીને સકારાત્મક ઉર્જા ભરીને નવા સપનાઓ સિદ્ધ કરવા, નવા સંકલ્પો લેવાની આ ક્ષણો છે.

આ નવા વર્ષે આપણે એકબીજાને પ્રેમ-હૂંફ-મૈત્રી, સન્માન અને હૃદયની સાચી સંવેદનાઓ આપીએ અને ઉગતા પ્રભાત જેવી કોમળ ક્ષણોની સુખદ અનુભૂતિ આપણે કરી શકીએ એવી ઈશ્વરને સાચા દિલથી પ્રાર્થના કરીએ.

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

દિવાળીએ ઘરના આંગણે કરાતો એક નાનો દીવડો આપણને ઘણું-બધું શીખવી જાય છે. દેખો પોતે સળગીને પોતાની આસપાસ પ્રકાશ પાથરે છે. દીવો એ સૂર્ય નથી પણ એ એના વ્યાપ પ્રમાણે તો ઉજાશ પાથરે જ છે. આપણે ભલે સૂર્ય બનીને સમગ્ર અંધકારને દૂર ના કરી શકીએ પણ નાનો દીવો બનીને ઘર, શેરી કે સમાજમાં કે કોઈના જીવનમાં તો ઉજાશ ફેલાવી શકીએ છીએ.

નવા વર્ષે આપણે ત્યાં વહેલી સવારે ઘરના આંગણે ચિતરાવી રંગોળી અને એમાં પૂરાતા વિવિધ રંગો અને રેખાઓનું સાયુજ્ય આપણી કૌટુંબિક ભાવનાને પ્રદર્શિત કરે છે. જેમ જુદાં - જુદાં વિવિધ લોકો, સમાજના વિવિધ લોકો સાથે રહીને એક સરસ પરિવારના બનાવી શકે છે. જો કે આજે ઘેર-ઘેર રંગોળી પુરવાની પ્રથા ધીમે-ધીમે ભુંસાતી જાય છે અને પરિણામે સંયુક્ત કુટુંબની પ્રથા પણ તૂટતી જાય છે. આજે જેમ રંગોળીના રંગો વિખરાય જાય તેમ એક પરિવારના તમામ સભ્યો વિખેરાઈ જવા લાગ્યા છે.

નવા વર્ષે, નવા પ્રભાતે નવા કપડાં પહેરીને સૌ કોઈ એકબીજાના ઘરે જઈ હાથ મિલાવી, એકબીજાને ભેટીને 'નૂતન વર્ષાભિનંદન', 'હેપ્પી ન્યૂ યર' કહે છે અને સંબંધોને તાજા કહે છે.

જો કે હવે સંબંધોને તાજા કરવાની અદ્‌ભૂત પરંપરા ભુલાતી જાય છે. પહેલા તો હજારોની સંખ્યામાં દિવાળી કાર્ડ લખાતા. સંબંધો રિન્યુ કરાતા પણ આજે ઈન્ટરનેટના યુગમાં એસ.એમ.એસ., વૉટ્સએપ અને ફેસબુક દ્વારા શુભેચ્છા સંદેશ મોકલીને સંબંધો સાચવી લેવાય છે.

ગુજરાતના શિરમ્હોર તહેવારના આ દિવસે મોટાભાગના અખબારો, મેગેઝિનો અને સામયિકો વિવિધ પ્રકારના પોતપોતાની પરંપરા, રૂચિ અને સમાજ મુજબ દીપોત્સવી અંક પ્રગટ કરીને નવા સમાજના નિર્માણમાં પોતાની ભૂમિકા અદા કરે છે.

આમ આ રીતે હવે ૨૧મી સદીમાં આપણે જયારે પ્રવેશી ગયા છીએ ત્યારે આવતા વર્ષે વધુ કઠીન બને. યંત્રવત્ બને કે નેટવત બને એ પહેલાં આપણે સૌ જાગી જઈએ અને નવા વર્ષની નવી ક્ષણોમાં જૂના સંબંધોને સાચવીને, એને સન્માન આપીને એની ભીનાશ સુવાસિત બને અને નવા વર્ષના નવા પ્રભાતે અસંખ્ય ક્ષણોના ખડકલામાંથી સાચું જીવન જીવી શકાય એવી એ... કા... દ... ક્ષણ શોધીએ.

- 9426060601.india@gmail.com

મેરે તુમ્હારે સબ કે લિયે હૈ...'હેપ્પી દિવાલી'...!!!

૫૦ કે ૭૦ સ્કેવર મીટરના ફ્લેટમાં તો દરવાજો જ પગથિયેથી શરુ થીજતો હોય એમાં ૩૦ બાય ૩૦ની રંગોળી ક્યાં બનાવે ?? પણ એક વખત એ પણ હતો (ને કદાચ હજુ પણ ઘણી જગ્યાએ હશે પણ) કે ગામ,શહેર કે સોસાયટી આખી રંગીન રંગીન થઈ જાતી... જાણે કે ધરતી પર જાતજાતના રંગોનો કલાત્મક ફુવારો પડ્યો હોય... કોઈ રંગોળી સ્પર્ધા ગોઠવાઈ હોય એવું લાગતું... ઘર-ઘરના આંગણામાં એકમેકથી નોખી અને અનોખી રંગોળીઓ બનાવવાનું કામ ' સૌનો સાથ સૌના વિકાસ ' ના સૂત્રની જેમ આડોશી-પાડોશી અને મિત્રોના કર-કમળોના સહિયારા પુરુષાર્થથી ધનતેરસથી જ ચાલુ થઈ જતું... ગામ કે સોસાયટીમાં કલર અને ડ્રોઈંગની સૂઝવાળા/વાળીની ડીમાંડ ફાટી નીકળતી. હવે તો એવી કડાકૂટ બહુ ઓછા કરતા હશે અને જે કરતા હશે એ પણ સ્વસ્તિક કે લક્ષ્મીપગલાથી આગળ નહિ વધતા હોય પણ જે કોઈ હજુ આજે પણ રાત-રાતભર જાગીને રંગોળીથી દિવાળીનું સ્વાગત કરે છે એને એક સલ્લ્લામ તો બનતા હૈ બોસ્સ્સ...! અને બાકીના લોકો માટે બજારમાં રેડીમેડ રંગોળી મળે જ છે, લાવો ને લગાવો...! જો કે એમનોય કોઈ વાંક નથી, ક્યુકી પહેલા તો એવડા મોટા આંગણા કહા હૈ અને હોય તો..પબ્લિક કે પાસ ટાઈમ કિધર હૈ?

'જુનું એ સોનું' એ ઉક્તિનો સાચો અર્થ તો તહેવારોમાં જ સમજાય... 'પરિવર્તન સંસારનો નિયમ છે' એની હા પણ પણ હકીકતે તહેવારોમાં આ બંને સુત્રો એકસાથે યાદ આવી જાય - ખાસ કરીને દિવાળીમાં. માટીના કોડિયામાં, રૂની વાટ બનાવીને તેલ પૂરીને આખા ઘરમાં - બારી/ટોડલો/ફળિયું/આંગણું જેવી જગ્યાઓએ મુકવાની મજા સામે ૧૦૦ ના ૬ વાળા પેકમાં મળતી કલરીંગ મીણબત્તીઓ કે પછી પેલા કલરીંગ કોડિયા (અગેન મીણ ભરેલા જ) ની શું વિસાત હે ?? આ આધુનિક કોડિયામાં તો શું કે મીણ ખતમ તો બાત ખત્મ, અને પેલા તેલવાળા તો એય ને સવાર સુધી ચાલે...હા તેલ પૂરવું પડે હો અને મમ્મીઓ તેલ ખલાસ થાય નહિ એનું ધ્યાન રાખવા બચ્ચાઓને બેસાડી દેતી !!! પહેલા માટીના કોડિયાની આ મજા હતી પછી એનું સ્થાન મીણબત્તીએ લીધું ને હવે તો કોડિયા જેવા આકારવાળી લાઈટની સીરીઝોનો જમાનો છે અને એમાયે પાછો સસ્તા ચીની માલનો ભરાવો. આજે માટીના કોડિયા છે ખરા પણ સંખ્યામાં લઘુમતીમાં આવતા જાય છે. શુકન ના બે ચાર કોડિયા મુકાતા થઈ ગયા છે ને એનો પ્રકાશ પણ પેલી ચાઈનીઝ લાઈટીંગમાં ઝાંખો પડતો જાય છે...!

દિવાળી એટલે દીપાવલી...દીવાઓનો તહેવાર... પ્રકાશનો તહેવાર... પછી પ્રકાશ ચાહે દીવાઓનો હોય કે ફટાકડાઓનો...! ધનતેરસની આસપાસ પપ્પાના જાદુઈ થેલામાંથી નીકળે ફટાકડાઓ...મોટાભાગે તો ફૂલઝર, સાપ, ચકરી, કોઠી ને બહુ બહુ તો નાના લવિંગીયા. જેટલા ભાઈ-બહેન એટલા પડે ભાગ અને દિવાળીની રાત્રે એકાદ કોડિયું પ્રગટાવીને ધીમે ધીમે ફોડવાની મજા...! નહિ કોઈ દેખાડો કે નહિ કોઈ હાશહુશ, બસ નિર્ભેળ આનદ. નો ડાઉટ હવે તો ફટાકડાઓ ઘણા બધા પ્રકારના અને અત્યંત આકર્ષક પ્રકાશ ફેલાવતા આવે જ છે પણ પેલું કહે છે ને કે સિમ્પલ ઈઝ ઓલ્વેઝ સ્વીટ, એમ સેકન્ડોમાં સુર્રર્રર્ર થઈને ફૂટી જતા મોંઘા ફટાકડાઓના ક્ષણજીવી પ્રકાશ સામે પેલી સવાર સુધી ચાલતી એક લવિંગયાની કોથળી કે મસ્ત પ્રકાશ ફેલાવતી ફૂલ્ઝરો કે પેલી રંગીન દોરીઓ જેવી મજા ક્યાં ?... એવું નહોતું કે પહેલા પણ દેખાદેખી નહોતી કે આપણી પાસે નવીન ફટાકડા છે એવું નહોતું કહેવાતું પણ આજે જે રીતે ફટાકડાની બાબતમાં ઓલ આર સેઈમ થઈ ગયા છે સાવ એવું તો નહોતું જ. આપણી પાસે રહેલા કોઈ એક્સક્લુઝીવ ફટાકડાને સંતાડી રાખવાની મજા હતી. બધા ફોડી લે પછી છેલ્લે એ 'ખાસ' ફટાકડો ફોડાતો...! ધીમે ધીમે ફોડાતા અને દીલોદીમાંગથી અનુભવતા ફટાકડાના પ્રકાશ અને અવાજ સાંભળવાની અને જોવાની ફુરસદો હવે ગાયબ છે... કેમકે હવે ગાયબ છે તહેવારોની નિરાંત...!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

સાવ એવું નથી કે રંગોળીઓ નથી થતી, મીઠાઈઓ નથી બનતી, ફટાકડાઓ નથી ફૂટતા કે લોગ આપસમેં ગલે મિલ કે નયે સાલ કી બધાઈયા નહિ દેતે... આ બધું જ થાય છે પણ કદાચ પહેલા જેટલા ઉમંગથી નહિ કે ઉત્સાહથી નહી. ઘણા બધા કારણો હોય શકે, મોંઘવારી કે પછી ફાસ્ટ લાઈફ કે પછી વર્તુળો ટૂંકા થતા જતા હોય કે પછી આધુનિકીકરણની આડઅસર હોય કે પછી હૂતો-હુતી વાળા કુટુંબોની સંખ્યા વધતી જતી હોય વગેરે વગેરે. પણ પહેલા જે રીતે ખુલીને ઉજવણી થતી એની જગ્યાએ બધું સંકોચાતું જતું હોય એવું થતું જાય છે. કહ્યું ને કે ગ્રીટિંગનું સ્થાન એસએમએસ કે વોટ્સઅપ મેસેજે લઈ લીધું છે, દિવાળીમાં થતા દિવાળી સ્નેહમિલન જેવા કાર્યક્રમો પણ જાણે એક કે બે કલાકની કોઈ નાસ્તા અને હસ્તધૂનનની ઓપચારિકતા હોય એવા બનતા જાય છે જ્યાં ઘરેઘરે જવાની જફાથી કંટાળીને આપણે સૌ એક બીજાને શુભેચ્છાઓ આપવાની ઓપચારિકતા પૂરી કરી લઈએ છીએ. આખીયે વાત ભલે ભીડે માસ્તર ની જેમ 'હમારે જમાને કી' લાગે અને એ પણ જરૂરી નથી કે બધું આવું જ થઈ રહ્યું છે પણ આજથી ૧૫ કે ૨૦ વર્ષ પહેલા જે દિવાળી હતી એ દિવાળી ભલે હજુ સાવ નહિ પણ ધીરે ધીરે એક ઓપચારિક અને ઉજવવા ખાતર ઉજવાતો તહેવાર બનતો જાય છે. શક્ય હોય તો ચાલો કોશિશ કરીએ એ ભુલાયેલી દિવાળીને ફરીથી ઉજવવાની, ભલે